મે. ઉમરગામના એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

ફોજદારી કેસ નંબર : ૨૨૩૬/૨૦૨૬

આંક :-૧ લગત હુકમ.

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી/ઓ : ભોલા ઉપેન્દ્રભાઈ વિશ્વકર્મા
રહેવાસી :- ફલેટ નંબર ૨૦૫, ઓધવકૃપા એપાર્ટમેન્ટ,સુંદરવન મીરચીવાડી, તા.ઉમરગામ જી.વલસાડ.

ગુન્હો :ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧ તથા એમ.વી. એકટની કલમ-૩, ૧૮૧ મુજબ.

-: ચુકાદો :-

(૧)... ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧ એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)... આજરોજ આરોપી તેઓના વિ.વ.શ્રી. મારફતે હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. અને તે બાદ તેઓ આ ગુનો સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરવામાં આવેલ છે અને જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરેલી છે, અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલી છે.

(૩)... આરોપીની સ્વેચ્છાપુર્વકની ગુનાની કબુલાત ધ્યાને લેતાં તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતાં અને દયાની માંગણી કરતા હોય આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય તથા નામદાર એપેલેટ કોર્ટના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ ની જોગવાઈને ધ્યાને રાખી

નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. એકટની કલમ–૨૮૧ એમ.વી. એકટની કલમ– ૩ ,૧૮૧ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા રૂા. ૧૦૦૦/– અંકે રૂપીયા એક હજાર ઈપુરાના દંડની સજા ફરમાવુ છું અને જો આરોપી દંડના ભરે તો આરોપીએ દિન – ૭ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

ચુકાદો આજ રોજ તારીખ : ૨૩ માહે જૂન સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૩/૬/૨૦૨૬.
મુ. ઉમરગામ.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)
એડી. સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ઉમરગામ, જી. વલસાડ.
કોડ. જીજે૦૧૨૮૦.